GJSK030000042019

## આંક–૬ ની સી.પી.સી. ઓર્ડર–૩૯, રૂલ–૧, ૨ તથા કલમ–૧૫૧ મુજબ કામચલાઉ મનાઈ હુકમની અરજી નીચે હુકમ

-------------------------------------------

(૧) વાદી તથા પ્રતિવાદીના વ.શ્રીઓને સાંભળ્યા. રજુ મનાઈ અરજી તથા પક્ષકારો તરફે રજુ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધા. હાલની કામચલાઉ મનાઈ અરજી હેઠળ હુકમ કરવામાં આવતો હોઈ તમામ હકીકતોનું પુનરાવર્તન ન થાય તે હેતુસર મનાઈ અરજીની હકીકતોનો વિગતવાર ઉલ્લેખ કરવામાં આવેલ નથી.

(૨) વાદીએ હાલની કામચલાઉ મનાઈ અરજી કરી, મોજે તલોદ ગામની સીમમાં આવેલ ખેતીલાયક જમીન કે જે મનાઈ અરજીના પેરા–૩ માં પરીશીષ્ટ–બી થી વર્ણવેલ છે તે મીલકતો જાહેર હેતુ માટે સંપાદન થયેલ હોય, તે જમીનમં વાદીઓનો વરાડે પડતો ૧ /૪ હિસ્સો પોસાતો હોઈ, તે હીસ્સા મુજબ સદર સંપાદન એવોર્ડની વળતરની રકમમાં વાદીઓનો ૧/૪ મુજબનો સરખો વારસાઈ,હકક, હીત હીસ્સો રહેલો હોય, વાદીની સહી, સંમતિ સિવાય પ્રતિવાદી નં.૧, ૨ ના સદર વળતરની રકમનું ચુકવણુ કરે કરાવે નહી તેવો પ્રતિવાદી નં.૧, ૨ વિરુઘ્ધ દાવાના આખરી નીકાલ સુધીનો વાદીઓની તરફેણમા કામચલાઉ મનાઈહુકમ ફરાવવાની દાદ માંગેલ છે. તેમજ તલોદ ગામની સીમના ખાતા નં. ૩૨૬ ની ખેતીલાયક જમીન કે જે મનાઈ અરજીના પેરા–૩ ના પરિશિષ્ટ–એ થી વર્ણવેલ છે. તે મીલકતો તેમજ તેમાં રહેલા તમામ હકકો પ્રતિવાદી નં.૩ થી ૭ નાઓ કે તેમના માણસો, નોકરો, એજન્ટો, મળતીયાઓ ઘ્વાર તબદીલીના કોઈ પણ કરાર થી કે અન્ય કોઈ રીતે માલીકી કે કબજા હકકે તબદીલ કરે કરાવે નહી તેમજ વાદીઓની સહી સંમતિ સિવાય સદર મીલકત ઉપર બોજો/ધિરાણ લે–લેવડાવે નહી અને વાદીઓના રહેલા વણવહેચાયેલા વરાડે પડતા હીસ્સામાં રહેલા કબજા હકકોને હસ્તક્ષેપ કે હરકત હેલો કરે કરાવે નહી તેમજ વાદીને સદર દાવાવાળી મીલકતમાં રહેલા કબજા હકક આધારે ખેતી

કરતા ખેત ઉપજ લેતા કોઈ પ્રકારે અંતરાય, અવરોધ કરે કરાવે નહી તેવો વાદીઓની તરફેણ માં અને પ્રતિવાદી નં.૩ થી ૭ નાઓ વિરુધ્ધ કામચલાઉ મનાઈહુકમ મેળવવા ની દાદ માંગેલ છે.

(૩) પ્રતિવાદીઓને ધારાધોરણ મુજબ કાઢવામાં આવેલ સમન્સ/નોટીસ બજી જતાં પ્રતિવાદી નં.૩ તથા ૭ તરફે વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીનો લેખીત જવાબ આંક-૩૪ થી રજુ રાખી, પેરાવાઈઝ ઈન્કાર કરી જણાવેલ છે કે, સંપાદન થયેલ જમીનમા તમામ પ્રતિવાદીઓના અલગ અલગ હીસ્સા રહેલા છે પરંતુ સંપાદન થયેલ જમીનમાં વધુ વળતર મેળવવા માટેની કાર્યવાહી માધુસીહ કાળુસીહનાઓએ જ કરેલી અને તેઓ ચાલુ કાર્યવાહી દરમ્યાન ગુજરી જતાં એલએઆર ૧૦૧૯/૨૦૧૬ કેસમા વાદી તથા પ્રતિવાદી નં. ૫ તેમજ તેમના બહેનો તેજુબા તથા આશાબાના નામ પણ સીધીલીટીના વારસદારોમાં દાખલ થયેલ છે. વધુમાં પોતાના જવાબમાં જણાવેલ છે કે, વાદી તથા પ્રતિવાદી નં.૩ થી ૫ ના વડવા પુંજસીહ ખુશાલસીહ હતા તેઓની મીલકત જે વારસાઈમાં વહેંચણી થતાં તેમના ચાર પુત્રો કાળુસીહ, દાનસીહ, ગુલાબસીહ અને સુરસીહનાઓ હતા તેઓ સીધીલીટીના વારસો થયેલા અને તે મુજબ તેઓની મીલકતમાં ૧/૪ હીસ્સો કાળુસીહ પુંજનસીહને મળેલો અને કાળુસીહ પુંજસીહ ગુજરતા વાદીના તથા પ્રતિવાદી નં. ૫ ના પિતા માધુસીહ કાળુસીહ વારસ થયેલા. તેઓ ગુજરતાં તેમના ચાર સંતાનો (૧) કિશોરસીહ (૨) બળદેવસીહ (૩) તેંજીબેન (૪) આશાબેન હતા. વાદીનો માધુસીહની મીલકતમાં ૧/૪ હિસ્સો થાય અને પુંજસીહની મીલકતમાં ૬.૩૩% હીસ્સો થાય. આમ, વાદી દાવાવાળી મીલકતમાં ૧/૪ હિસ્સો જણાવે છે તે ખોટો છે. વધુમાં પોતાના જવાબમાં જણાવેલ છે કે, વાદી નં.૧ ના પતિ તેમના પિતાની હયાતી થી જ તેઓ તેમના કુટુંબ સાથે અલગ રહેતા હતા અને તેઓનુ રહેણાંકનુ મકાન અને ખેતીની જમીન વરાડે પડી આપી દીધેલ હતી. આમ, વાદીના પતિ ની વહેંચણી માધુસીહથી હયાતીમાં થયેલ છે. આમ, માધુસીહની મિલકતની વહેંચણીનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. વધુમાં દાવાવાળી મીલકતમાં પ્રતિવાદી ન.૩ થી ૫ તથા વાદીઓ નું રેવન્યુ રેકર્ડે સંયુકત નામ ચાલે છે. પરંતુ સ્થળે દરેકની વહેંચણી થયેલ હોઈ, તલોદ સીમના જે તે સમયના સર્વે નં.૪૩૫/૧ તથા ૪૩૫/૨ વાળી જમીનમાં જે જમીન સંપાદન થયેલ છે. તે જમીન પ્રતિવાદી નં.૩ થી ૫ ના હીસ્સામાં આવેલ જમીનમાંથી સંપાદન થયેલ હતી તેમ છતાં તેમના કૌટુંબીક હિસાબો જેવા કે વાદી તથા પ્રતિવાદી નં.૫ ના પિતાશ્રી

માધુસીહ કાળુસીહ તા.૩૦/૭/૨૦૦૬ ના રોજ ગુજરી ગયેલ. ત્યારે પ્રતિવાદી નં.૫ નાએ તેમના કારજપાણી તથા ધાર્મિક મરણોતર ક્રિયામાં રૂા.૧,૪૨,૭૮૫/– ખર્ચ કરેલ હતો. તેમજ વાદી તથા પ્રતિવાદી નં.૫ ના માતૃશ્રી બાલુબા ગુજરી જતાં તેમના કારણપાણી તથા ધાર્મિક મરણોતર ક્રિયાઓમાં રૂા.૨,૧૦,૯૪૫/– ખર્ચ પ્રતિવાદી નં. ૫ નાએ જ કરેલો. તથા વાદી તથા પ્રતિવાદી નં.૫ ની બહેનો તેજીબેનનુ મામેરુ તા.૧૪/૨/૧૩ ના રોજ કરેલ તેમાં રૂા.૨,૪૨,૮૦૦/– તથા આશાબેનનું મામેરુ તા.૧૧/૨/૧૬ ના રોજ તેમાં રૂા.૩,૧૮,૯૩૫/– નો ખર્ચ પ્રતિવાદી નં.૫ નાએ જ કરેલ. ઉપરોકત તમામ ખર્ચમાં વાદીનો અડધો હિસ્સો એટલે કે, રૂા.૪,૫૭,૭૩૨/– વાદીએ, પ્રતિવાદી નં. ૫ને કાયદેસર આપવાના થાય. તદ ઉપરાંત વાદી નં.૨ દક્ષાબેનના લગ્ન તા.૨/૬/૧૩ ના રોજ કરેલા જેમાં રૂા.૧,૯૪,૯૨૦/–નો ખર્ચ પ્રતિવાદી નં. ૫ નાએ કરેલો હતો અને દક્ષાબેનના લગ્ન પ્રતિવાદી નં. ૫ નાએ જ કરાવેલા. તમામ ખર્ચ પેટે રૂા.૬,૫૨,૬૫૨/– વાદી પાસેથી પ્રતિવાદી નં. ૫ ને લેવાના થાય છે. તેથી વાદીએ તમામ હકીકતો છુપાવી હાલનો દાવો કરેલો છે. એટલુ જ નહી જમીનની વળતરની રકમ ઉપાડવા બાબતે પણ વાદી સાથે પ્રતિવાદીઓએ ચર્ચા કરેલી ત્યારે વાદી નં.૧ નાએ તેમના હીસ્સામાં આવતી તમમ રકમ વાદી નં.૧ ને જ લેવાની છે, વાદી નં.૨ ને આપવાની નથી તેવુ જણાવી વાદી નં.૧ અને વાદી ન.૨ વચ્ચેની તકરારના કારણે હાલનો દાવો કરેલ છે.. આમ વાદીનો દાવો પ્રથમ દ્રષ્ટિએ રદ થવાને પાત્ર છે.

જયારે પ્રતિવાદી નં.૧ અને ૨ તરફે વાદીની દાવા અરજી તથા મનાઈઅરજી લગત પોતાનો કોઈ જ જવાબ રજુ રાખેલ નથી.

(૪) વાદીએ નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

| અ.નં. | આંક/ નિશાની | પુરાવાની વિગત |
|---|---|---|
| ૧ | ૫/૧ તથા ૫/૨ | વારસાઈ નોંધ નં.૫૬૩૨ તથા ૫૬૩૩ ની ખરી નકલ |
| ૨ | ૫/૩ | સહ કબજેદાર તરીકે નામ દાખલ કરવાની નોંધ નં.૬૯૮૨ ની ખરી નકલ |
| ૩ | ૫/૪ | સુરસીહની વારસાઈની નોંધ નં.૭૭૦૯ ની ખરી નકલ |

| | | |
|---|---|---|
| ૪ | ૫/૫ | નામ કમીની નોંધ નં.૭૭૧૦ ની ખરી નકલ |
| ૫ | ૫/૬ | ગલાબસીહની વારસાઈની નોંધ નં.૮૫૩૪ ની ખરી નકલ |
| ૬ | ૫/૭ | નામ કમીની નોંધ નં.૮૭૦૨ ની ખરી નકલ |
| ૭ | ૫/૮ | માધુસીહ તથા કીશોરસીહની વારસાઈ નોંધ નં.૯૭૮૧ ની ખરી નકલ |
| ૮ | ૫/૯ | સગીર પુખ્તની નોંધ નં.૧૧૯૪૮ ની ખરી નકલ |
| ૯ | ૫/૧૦ | હકક કમીની નોંધ નં.૧૧૯૫૭ ની ખરી નકલ |
| ૧૦ | ૫/૧૧ | જમીન સંપાદન એવોર્ડના હુકમની નોંધ નં.૯૨૨૨ ની ખરી નકલ |
| ૧૧ | ૫/૧૨ | સર્વે નં.૮૨ ના નં.૭ ના ઉતારાની ખરી નકલ |
| ૧૨ | ૫/૧૩ | સર્વે નં.૮૨ ના નં.૧૨ ના ઉતારાની ખરી નકલ |
| ૧૩ | ૫/૧૪ | સર્વે નં.૩૦૭ ના નં.૭ ના ઉતારાની ખરી નકલ |
| ૧૪ | ૫/૧૫ | સર્વે નં.૩૦૭ ના નં.૧૨ ના ઉતારાની ખરી નકલ |
| ૧૫ | ૫/૧૬ | સર્વે નં.૩૦૮ ના નં.૭ ના ઉતારાની ખરી નકલ |
| ૧૬ | ૫/૧૭ | સર્વે નં.૩૦૮ ના નં.૧૨ ના ઉતારાની ખરી નકલ |
| ૧૭ | ૫/૧૮ | સર્વે નં.૩૪૮ ના નં.૭ ના ઉતારાની ખરી નકલ |
| ૧૮ | ૫/૧૯ | સર્વે નં.૩૪૮ ના નં.૧૨ ના ઉતારાની ખરી નકલ |
| ૧૯ | ૫/૨૦ | સર્વે નં.૩૪૯ ના નં.૭ ના ઉતારાની ખરી નકલ |
| ૨૦ | ૫/૨૧ | સર્વે નં.૩૪૯ ના નં.૧૨ ના ઉતારાની ખરી નકલ |
| ૨૧ | ૫/૨૨ | સર્વે નં.૫૪૮ ના નં.૭ ના ઉતારાની ખરી નકલ |
| ૨૨ | ૫/૨૩ | સર્વે નં.૫૪૮ ના નં.૧૨ ના ઉતારાની ખરી નકલ |
| ૨૩ | ૫/૨૪ | ખાતા નં.૩૨૬ ના ૮–અ ના ઉતારાની ખરી નકલ |
| ૨૪ | ૫/૨૫ | સોસાયટીના બોજાની નોંધ નં.૭૧૪૦ ની ખરી નકલ |
| ૨૫ | ૫/૨૬ | હુકમની નોંધ નં.૯૮૨૭ ની ખરી નકલ |
| ૨૬ | ૫/૨૭ | પ્રમોલગેશનની નોંધ નં.૧૧૬૩૫ ની ખરી નકલ |
| ૨૭ | ૫/૨૮ | પ્રતિવાદીઓને આપેલ નોટીસની સ્થળપ્રત |
| ૨૮ | ૫/૨૯ | પ્રતિવાદીઓને નોટીસ રજી.એડી. કર્યાની રીશીપ્ટ |
| ૨૯ | ૫/૩૦ | પ્રતિવાદીઓને નોટીસ બજયા અંગેની એકનોલેજમેન્ટ સ્લીપ |
| ૩૦ | ૫/૩૧ | પ્રતિવાદી નં.૧ નાએ પ્રતિવાદી ન.૨ નાને વળતર બાબતે આપેલ નોટીસ અંગે લખેલ પત્રની નકલ |

જયારે પ્રતિવાદી તરફે પોતાના જવાબના સમર્થનમાં નીચે મુજબનો પુરાવો રજુ રાખેલ છે.

| અ.નં. | આંક/ નિશાની | પુરાવાની વિગત |
|---|---|---|
| ૧ | ૩૯/૧ | એલ.એ.આર. નં.૧૦૧૯/૧૬ ના કામે આવેલ જજમેન્ટની સર્ટીફાઈડ નકલ. |

**(૫)** ત્યારબાદ વાદી તરફે આંક–૩૬ થી રીજોઈન્ડર રજુ રાખી પ્રતિવાદી નં.૩ થી ૭ ના જવાબ વિરુધ્ધ રજુ રાખી જવાબની હકીકતોનો ઈન્કાર કરેલ છે.

**(૬)** વાદી તરફે વિ.વ.શ્રી બી.એમ.શુકલ ધ્વારા આંક–૩૮ થી પોતાની લેખીત દલીલો રજુ રાખેલ છે. જે વંચાણે લેવામાં આવેલ છે. તેમજ પ્રતિવાદીની દલીલો સાંભળવામાં આવેલ છે.

**(૭)** ઉપરોકત હકીકતે મનાઈ અરજીના નિકાલ માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**<u>–: મુદ્દાઓ :–</u>**

(૧) શુ વાદી સાબિત કરે છે કે, તેમનો પ્રથમ દર્શનીય કેસ છે ?

(૨) શુ વાદી સાબિત કરે છે કે, જો તેમને માગ્યા મુજબનો મનાઈ હુકમ ન આપવામાં આવે તો નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવુ નુકસાન થવાનો સંભવ છે ?

(૩) શુ વાદી એ હકીકત સાબિત કરે છે કે, અગવડ–સગવડની સમતુલા તેમની તરફેણમાં છે ?

(૪) શું હુકમ ?

**(૮)** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો અને તેનાં કારણો નીચે મુજબ છે.

**–:નિર્ણયો:–**

(૧) હકારમાં

(૨) હકારમાં

(૩) હકારમાં

(૪) આખરી હુકમ મુજબ.

**–:: કારણો ::–**

**<u>મુદા નંબર ૧ થી ૩:–</u>**

(૯) મુદા નં.૧ થી ૩ ની હકીકતો અને કાયદાની દ્રષ્ટીએ પરસ્પર એકબીજા સાથે સંલગ્ન હોઈ એકની એક હકીકતનું પુનરાર્વતન નિવારવા તેની ચર્ચા એકસાથે કરવામાં આવી છે.

(૧૦) કાયદાનો સુસ્થાપિત સિધ્ધાંત છે કે જયારે પક્ષકારો સી.પી.સી.ઓર્ડર–૩૯ રૂલ–૧, ૨ સાથે વાંચતા કલમ–૧૫૧ અન્વયે દરમિયાન મનાઈ હુકમની માંગણી કરતા હોય ત્યારે પોતાનો પ્રાઈમાફેસી કેસ છે અને મનાઈહુકમ આપવામાં ન આવે તો નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન જાય તેમ છે અને સગવડતા–અગવડતાનું ધોરણ તેમની તરફેણમાં છે તે પ્રસ્થાપિત કરવુ પડે, સાથે સાથે જયારે સમન્યાયની દાદ માંગતા હોય ત્યારે દરેક પક્ષકારે નામદાર કોર્ટ સમક્ષ સ્વચ્છ હાથે આવવુ પડે.

(૧૧) કામચલાઉ મનાઈહુકમ મળવા માટેની દાદ એ સમન્યાયની દાદ છે અને સમન્યાયની દાદ લેવા આવનાર પક્ષકારે સામાપક્ષ સાથે પણ સમન્યાયભર્યુ વર્તન કરવાનું ફરજિયાત રહે છે. આ અરજીનો નિર્ણય કરતી વખતે અદાલતે રેકર્ડ ઉપર આવેલ હકીકતોનું પુરાવાજન્ય મુલ્યાંકન કરવાનુ હોતુ નથી પરંતુ જે હકીકતો રેકર્ડ ઉપર આવી હોય તે આધારે પક્ષકારો વચ્ચે ટ્રાયેબલ ઈસ્યુ છે કે કેમ? તે સબંધે નિર્ણય કરવાનો હોય છે અને જો અદાલતનું તારણ એવુ થાય કે પક્ષકારો વચ્ચે ટ્રાયેબલ ઈસ્યુ છે કે જેનો નિર્ણય દાવાનાં અંતે પુરાવો લીધા બાદ ગુણદોષ આધારે જ આવી શકે તેવી સ્થિતિ છે તેવા સંજોગોમાં અદાલત દાવાવાળી વિષયવસ્તુ સબંધે દાવાના આખરી નિકાલ સુધી પ્રોટેકટ કરવા વિગેરે બાબતો અંગેનો હુકમ કરી શકાય છે. દરમિયાન મનાઈહુકમની માંગણી કરનાર પક્ષકારે ઉપર મુજબનાં ત્રણેય આવશ્યક તત્વો તેની તરફેણમાં હોવાનુ પુરવાર કરવુ પડે.

(૧૨) આંક–૫ મનાઈ હુકમની અરજીનો નિર્ણય સામાન્ય રીતે પક્ષકારોએ રજુ કરેલ પ્લીડીંગ્ઝ, દસ્તાવેજી પુરાવા, સોગંદનામાઓ પંચનામા વિગેરેનાં આધારે કરવાનો હોય છે. આ કામે વાદીએ રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓ નિશાની ૫/૧ થી ૫/૩૧ સુધીના રજુ રાખેલા છે. જેમાં નિશાની ૫/૧ ગામ નમુના નં.૬ હકકપત્રકની નોંધ રજુ રાખવામાં આવેલ છે. જેમાં નોધ નં.૫૬૩૨ ધ્યાને લેવામાં આવે તો, તા.૨/૮/૭૮ ના રોજ વારસાઈ નોંધ થયેલ હોવાનુ અને કાળાજી પુંજજી ગુજરતા વારસદારોના જવાબને આધારે વારસાઈ હકકની ફેરફાર નોધ કરેલ હોવાનુ જણાઈ આવે છે. તેવી જ રીતે નિશાની ૫/૨ થી રજુ થયેલ ગામ

નમુના નં.૬ હકકપત્રક ધ્યાને લઈએ તો, નામ કમી કરવાની નોંધ છે. તેવી જ રીતે નિશાની ૫/૩ થી ગામ નમુના નં.૬ હકકપત્રકની નોંધ નં.૬૯૮૨ થી રજુ રાખેલ છે. નિશાની ૫/૪ થી વારસાઈ નોંધ નં.૭૭૦૯ ની રજુ રાખેલ છે. તેમજ નિશાની ૫/૫ થી નામ કમી કરવાની નોંધ રજુ રાખેલ છે. નિશાની ૫/૬ થી વારસાઈ નોંધ નં.૮૫૩૪ રજુ રાખેલ છે.તેમજ નિશાની ૫/૭ થી નામ કમી કરવાની નોંધ રજુ રાખેલ છે. વધુમાં આ કામે વાદી તરફે રજુ થયેલ ગામ નમુના ન.૬ ના હકકપત્રક ની નોંધ નં.૯૭૮૧ ની ધ્યાને લેવામા આવે તો, મોજે તલોદના જુદાજુદા સર્વે નબર અને ખાતા નંબરમાં માધુસીહ કાળુસીહ મકવાણા તથા કિશોરસીહ માધુસીહ મકવાણાનુ અવસન થતાં તેમના સીધી લીટીનમા વારસદારોના નામ દાખલ કરવાની નોંધ છે. તેમજ નિશાની ૫/૯ વાળા ગામ નમુના ન.૬ હકક પત્રકને ધ્યાને લઈએ તો, મકવાણા દક્ષાબેન કિશોરસીહ સગીર હોય અને સગીરના વાલીના નામે સંયુકત ખેડ ખાતા નં.૭૧૦, ૩૨૬, સ.નં.૪૭, ૮૨, ૩૦૭, ૩૪૮, ૩૪૯, ૫૪૮ જમીન આવેલ હોવાનુ અને તેઓ પુખ્ત ઉંમરના થતાં દસ્તાવેજી પુરાવા આધારે પુખ્ત ઉંમર અંગેની નોંધ કરવામા આવેલ હોવાનુ દર્શાવેલ છે. તેવી જ રીતે નિશાની ૫/૧૦ નો ગામ નમુના નં. ૬ હકકપત્રકની નોંધ નં.૧૧૯૫૭ ની ધ્યાને લેતા તે હકક કમી અંગેની નોંધ છે. તેમજ નિશાની ૫/૧૨ થી નિશાની ૫/૨૫ ના ગામ નમુના નં.૭ અને ૧૨ ના ઉતારાઓને ધ્યાને લેતાં તેમાં હાલના કામના વાદીઓ તથા પ્રતિવાદીઓના નામ હોવાનુ જણાઈ આવે છે. તેમજ નિશાની ૫/૨૮ થી વાદી ધ્વારા પ્રતિવાદીઓને આપવામાં આવેલ નોટીસની સ્થળ પ્રત છે. જે વંચાણે લેતા, મોજે તલોદ તાલુકાના તલોદ ગામની સીમમાં ખાતા નં.૩૨૬ થી આવેલ ખેતીની જમીનો હે.આ.પ્ર.આ.–૪–૪૭–૩૯ મા અમારા અસીલોનો વરાડે પડતો વારસાઈ હકક પોષાય છે અને તે મુજબ સ્થળે પ્રત્યક્ષ કબજો સુપ્રત કરી રેવન્યુ રેકર્ડે વાદીના હીસ્સાની જમીન નામે કરી આપવા અને જમીન પૈકીની સંપાદન થયેલ જમીન અંગે સરકાર શ્રી એ આપેલ વળતર પૈકીની વાદીના હીસ્સાની રકમ ચુકવી આપવા માટે આપેલ હોવાનુ જણાઈ આવે છે. જે નોટીસો આ કામના પ્રતિવાદીઓને બજી ગયેલ હોવાનુ નિશાની ૫/૩૦/૧ થી ૫/૩૦/૫ સુધીની એકનોલેજમેન્ટ પાવતી ઉપરથી ફલીત થાય છે.

**(૧૩)** જયારે આ કામે પ્રતિવાદી નં.૩ થી ૭ તરફે નિશાની ૩૯/૧ થી એલ.એ.આર કેસ નં.૧૦૧૯/૧૬ ના કામે થયેલ જજમેન્ટની ખરી નકલ રજુ રાખવામાં આવેલ છે. તેમાં પણ અરજદાર તરીકે હાલના વાદીઓ તથા પ્રતિવાદીઓના નામ હોવાનુ જણાઈ આવે છે.

**(૧૪)** જયારે આ કામે પ્રતિવાદી નં.૧ તથા ૭ તરફે વાજબી અને પુરતી તક આપવા છતાં પોતાનો જવાબ રજુ રાખેલ નથી તેમજ દાવાના કામે વાદીની હકીકતોનુ ખંડન થાય તેવો કોઈ પુરાવો પણ રજુ રાખેલ નથી.

**(૧૫)** આમ, ઉપરોકત હકીકત ઘ્યાને લેતા, વાદી તથા હાજર પ્રતિવાદીઓ તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાની હકીકતો તેમજ વાદી તરફે રજુ થયેલ રેવન્યુ રેકર્ડ ઘ્યાને લેતાં સદર રેવન્યુ રેકર્ડમાં હાલના કામના વાદીઓ તથા પ્રતિવાદીઓના નામ હોવાનુ જણાઈ આવે છે. આમ, જો વાદીઓને તેમના હીસ્સાની ખેતીની જમીનનો હીસ્સો તેમજ સદર ખેતીની સંયુકત જમીનમાંથી સંપાદન થયેલ જમીનનુ વળતર ચુકવવામા ન આવે તો, તેનાથી વાદીઓને અન્યાય થાય તેવું સ્પષ્ટદ પણે જણાઈ આવે છે. જેથી હાલના તબકકે વાદીઓનો પ્રથમદર્શનીય કેસ હોવાનુ ફલીત થતુ હોય, જેથી મુદૃા નં. ૧ નો જવાબ હકારમાં આપુ છુ.

**(૧૬)** બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીની તરફેણમાં હોય, કારણ કે દાવાવાળી વાદગ્રસ્ત સર્વે નંબરો વાળી ખેતીલાયક જમીનો વાદીઓ તેમજ પ્રતિવાદીઓની સંયુકત માલીકીનુ હોવાનુ રેવન્યુ દસ્તાવેજો આધારે જણાઈ આવે છે. તેથી જો પ્રતિવાદી નં.૩ થી ૭ ના સદર દાવાવાળી વાદગ્રસ્ત જમીનો અન્ય કોઈ પણ વ્યકિતને કોઈ પણ રીતે માલીકી હકકે કે કબજા હકકે તબદીલ કરે કી નાખે તો વાદીઓના વણવહેચાયેલા વરાડે પડતા હકક હીસ્સામા રહેલા કબજા હકકોને પ્રતિવાદી નં. ૩ થી ૭ ના માણસો, નોકરો, એજન્ટો મળતીયાઓ હસ્તક્ષેપ કે હરકત હેલો કરે તો વાદીઓના હકકને નુકશાન થાય તેવુ હાલના તબકકે જણાઈ આવતુ હોય, રજુ દસ્તાવેજી પુરાવાઓ ઉપરથી બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીઓની તરફેણમાં હોવાનુ જણાઈ આવતુ હોય, મુદૃા નં.ર નો જવાબ હકારમા આપવામા આવે છે.

**(૧૭)** જો માંગ્યા મુજબની દાદ વાદીને આપવામાં ન આવે તો નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન પણ વાદીને થવાની શકયતા રહેલી છે કારણ કે, વાદવાળી મિલકતના રેવન્યુ રેકર્ડે હાલના વાદી તેમજ પ્રતિવાદીઓના સંયુકત નામ ચાલતા હોવાનુ જણાઈ આવે છે. જેથી જો વાદીને માંગ્યા મુજબનો મનાઈહુકમ આપવામાં ન આવે તો, વાદવાળી મિલકત પ્રતિવાદીઓ અન્ય કોઈને રેવન્યુ રકર્ડે પ્રતિવાદીઓના નામ ચાલતા હોવાથી વાદીઓને દાવાવાળી મીલકતમાં પ્રવેશ કરતા અટકાવે અને હકકોને નુકશાન કરે તો તો વાદીનો દાવાવાળી મીલકતમાં રહેલો કાયદેસરનો હકક કાયમી ધોરણે નષ્ટ થાય તેના

વાદીઓને મલ્ટીપીસીટી ઓફ પ્રોસીડીંગ્સમાં ઉતરવુ પડે અને દાવાવાળી મિલકત વિવાદિત થાય જેથી નાણામાં ન ભરપાઈ ન શકે તવ નુકશાન વાદીને થતુ હોય, જેથી મુદ્દા નં.૩ નો જવાબ હકારમાં આપવામાં આવે છે. અને મુદ્દા નંબર – ૪ પરત્વે નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**– :: હુકમ ::–**

(૧) આંક – ૫ ની અરજી મંજુર કરવામાં આવે છે.

(૨) દાવાવાળી મિલકતના રેવન્યુ રેકર્ડે તથા સ્થળ પરના કબજા અંગે દાવાનો આખરી નિકાલ થતા સુધી યથાવત પરિસ્થિતિ જાળવી રાખવાનો તમામ પક્ષકારોને હુકમ કરવામાં આવે છે.

હાલની અરજીનો ખર્ચ દાવાનાં પરિણામને અનુસરશે.

હુકમ આજ તા.૭મી માહે ડીસેમ્બર, સને–૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળવી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

મુ.પ્રાંતિજ

તા.૭/૧૨/૨૦૧૯

**(ગઢવી સુરેશકુમાર કલુદાન)**
પ્રિન્સીપાલ સિનીયર સિવીલ જજ,
પ્રાંતિજ.
જજ કોડ જીજે૦૧૦૨૩

//બી.વાય.ત્રિવેદી//